પ્રશ્નપત્ર - 2

# SKP SCHOOL - RAJKOT

## વિષય : સામાજિક વિજ્ઞાન

ધોરણ : 10 | સમય : 3 કલાક | કુલ ગુણ : 80

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો આપેલા છે અને 54 પ્રશ્નો છે. (2) દરેક વિભાગમાં સૂચના મુજબ પ્રશ્નો લખવા.
(3) પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
(4) વિભાગ-D માં પ્રશ્ન નં. 54 નકશો ફરજિયાત છે.

### વિભાગ – A

⇒ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[24]**

- **યોગ્ય જોડકાં જોડો.**

| | (A) | | (B) |
|---|---|---|---|
| (1) | દ્રવિડો | (A) | બિજાપૂર |
| (2) | લારખાનનું મંદિર | (B) | માતૃમુલક કુટુંબપ્રથા |
| (3) | અકીકકામ | (C) | સંખેડા |
| (4) | સંગીતને લગતો વેદ | (D) | ખંભાત |
| (5) | નવઘણ કૂવો | (E) | જૂનાગઢ |
| | | (F) | સામવેદ |

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) જૈવ આરક્ષિત ક્ષેત્રની રચના આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર થાય છે.
(7) ઉર્દૂભાષાનો જન્મ એ મધ્યયુગની સૌથી મહત્વની ઘટના છે
(8) સ્વામી વિવેકાનંદ ન્યુયોર્ક(અમેરિકા)માં મળેલી વિશ્વ ધર્મપરિષદમાં હાજરી આપી હતી.
(9) ચા એ ઉષ્ણ અને સમશીતોષ્ણ કટિબંધીય પાક છે.
(10) ચિત્રકલાનું સ્થાન વિવિધ કલાઓમાં અગ્રિમ સ્થાને છે.

- **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ લખો.**

(11) પૃથ્વી પર જળ સંસાધનનો મૂળ સ્ત્રોત કયો છે ?
(12) ભારતનો સૌથી મોટો અને આદર્શ સામુહિક બાયોગેસ પ્લાન્ટ કયા સ્થાપવામાં આવ્યો છે ?
(13) ભારતમાં સ્વાતંત્ર્ય બાદ સિંચાઈ ક્ષેત્ર વધીને કેટલું થયું છે ?
(14) અવધિ ભાષાનો સૌથી જૂનો ગ્રંથ કયો છે ?

- **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(15) ભારતમાં હવાઈ સેવાની શરૂઆત ટપાલ સેવા માટે .................. થી નૈની સુધી થઈ હતી. (લખનઉ, પટનાં, અલ્હાબાદ)
(16) .................... માં બજાર પધ્ધતિ પ્રવર્તે છે. (યુ.એસ.એ. , ભારત, ચીન)
(17) વ્યાપાર પ્રવૃતિ .................. પ્રકારની આર્થિક પ્રવૃતિ છે. (પહેલા, બીજા, ત્રીજા)
(18) .................. મહાન ખગોળવેતા અને જ્યોતિષશાસ્ત્રી હતા. (મહર્ષિ પંતજલિ, વાત્સાયન, વરાહમિહિર)
(19) ભારતમાં સમગ્ર ઉત્પાદનમાં ઉદ્યોગોના ઉત્પાદનનો ફાળો ...................... ટકા છે ? (35 , 29 , 18)

- **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

(20) ગ્રાહક સબંધી ફરિયાદ કરવા કે કાયદા અંગે વિશેષ માહિતી મેળવવા કે માર્ગદર્શન માટે ગુજરાત રાજયની હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર કયો છે ?
(A) 1800-233-0404 (B) 18000-332-0222 (C) 1800-233-0222 (D) 1600-233-0222
(21) આયોજનમાં આર્થિક વિકાસની જવાબદારી કયા ક્ષેત્રને સોંપવામાં આવી છે ?
(A) ખાનગીક્ષેત્રને (B) જાહેર સાહસને (C) સંયુક્ત સાહસને (D) સહકારીક્ષેત્રને
(22) કેન્દ્રીય લાંચ-રૂશ્વત વિરોધી બ્યૂરોની સ્થાપનાં ક્યારે કરવામાં આવી ?
(A) ઈ.સ. 1983 (B) ઈ.સ. 1988 (C) ઈ.સ. 1999 (D) ઈ.સ. 1964
(23) નીચેનાં ભારતનાં પડોશી દેશોને માનવ વિકાસ આંકમાં ઉતરતા ક્રમ ગોઠવતા કઈ જોડ સાચી બનશે ?
(A) ભારત, શ્રીલંકા, નેપાળ, ભૂતાન (B) શ્રીલંકા, ભૂતાન, ભારત, નેપાળ
(C) શ્રીલંકા, ભારત, નેપાળ, ભૂતાન (D) શ્રીલંકા, ભારત, ભૂતાન, નેપાળ



www.wingofeducation.com

(24) નીચેનામાંથી કયું જોડકુ ખોટુ છે ?
(A) પશ્ચિમ બંગાળ-કુલ્ટી (B) ઝારખંડ - જમશેદપુર
(C) કર્ણાટક - ભદ્રાવતી (D) આંધ્રપ્રદેશ - બર્નપુર

## વિભાગ – B

⇒ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકના 2 ગુણ) (કોઈ પણ નવ)** **[18]**
(25) ગુજરાતનાં ઐતિહાસિક મહત્વ ધરાવતા જોવાલાયક સ્થળોની માહિતી આપો.
(26) પ્રાચીન ભારતનાં એક નગર તરીકે લોથલનો પરિચય આપો.
(27) આગ્રાનાં કિલ્લા વિશે માહિતી આપો.
(28) કોણાર્કનાં સુર્યમંદિર વિશે નોંધ લખો.
(29) ગોવાનાં દેવળો વિશે નોંધ લખો.
(30) આપણા વારસાનાં જતન માટે આપણી ભૂમિકાનું વર્ણન કરો.
(31) વન્યજીવોનાં સંરક્ષણ માટેની વિવિધ યોજનાઓનાં નામ લખી કોઈપણ એક યોજનાં વર્ણવો.
(32) સંકલ્પનાં સમજાવો (1) રાજયની માલિકીનાં જંગલો (2) ખાનગી જંગલો
(33) આધુનિક યુગને 'ખનીજ યુગ' કહે છે. શા માટે ?
(34) રેલ્વે-એન્જિનનો પ્રકાર જણાવી તેમાં ઉત્પાદનનાં સ્થળો જણાવો.
(35) નક્સલવાદી આંદોલન વિશે માહિતી આપો.
(36) ખાંડ અને ખાંડસરીનાં કારખાના કયા સ્થપાયા છે ? શા માટે ?
(37) ઔદ્યોગિક બેરોજગારી એટલે શું ?

## વિભાગ – C

⇒ **પ્રશ્ન ક્રમાંક 38 થી 46 ના જવાબ આશરે 60 થી 80 શબ્દોમાં માગ્યા મુજબ લખો. (પ્રત્યેકના 3 ગુણ) (કોઈ પણ છ)** **[18]**
(38) દેલવાડાનાં જૈનમંદિર વિશે માહિતી આપો.
(39) માનવીની જરૂરિયાતો અમર્યાદિત હોય છે. સમજાવો.
(40) આર્થિક વિકાસ એટલે શું ? સમજાવો.
(41) ટકાઉ વિકાસનો ખ્યાલ આપી. તેની વ્યુહ રચના જણાવો.
(42) ભાવનિર્ધારણ તેમની ભાવ નિયમનમાં શી ભૂમિકા છે ?
(43) ભાવવધારો આર્થિક વિકાસમાં પોષક પણ છે અને અવરોધરૂપ પણ છે. સમજાવો.
(44) મહિલા સશક્તિકરણ એટલે શું ? તેનું સ્વરૂપ અને તેના અવરોધક પરિબળો જણાવો.
(45) ગ્રાહકે ખરીદી કરતી વખતે શી કાળજી રાખવી જોઈએ ?
(46) આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા છે. સમજાવો.

## વિભાગ – D

⇒ **પ્રશ્ન ક્રમાંક 47 થી 53 ના જવાબ આશરે 120 થી 150 શબ્દોમાં સવિસ્તાર જવાબ લખો. (પ્રત્યેકના 4 ગુણ) (7 માંથી કોઈપણ 4 ) અને નકશાનો પ્રશ્ન નંબર 54 ફરજિયાત છે.** **[20]**
(47) પ્રાચીન ભારતનું ધાતુ વિદ્યામાં પ્રદાન જણાવો.
(48) પ્રાચીન ભારતે ધાતુવિદ્યામાં પ્રગતિ કરી છે તમારા શબ્દોમાં વર્ણન કરો.
(49) સામાજિક સલામતી અને અન્ન સુરક્ષાના કાર્યક્રમ જણાવો.
(50) 'મનરેગા કાર્યક્રમ' અને અન્ન સુરક્ષાના કાર્યક્રમો જણાવો.
(51) વિશ્વશ્રમ બજારનો ખ્યાલ આપો.
(52) ભારતમાં ખેતીનાં મુખ્ય પ્રકારો કેટલા છે ? કયા – કયા છે ? તે દરેક પર ટૂંક નોંધ લખો.
(53) ભારતમાં કૃષિક્ષેત્રે આવેલા ટેક્નિકલ સુધારા જણાવો.
(54) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.
(1) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન
(2) ડાંગરનું ઉત્પાદન કરતો એક પ્રદેશ
(3) શણનાં કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર નામ સાથે
(4) દિલ્લીથી કોલકત્તા વાયા પટના થઈને જતો રેલમાર્ગ એક અટક સ્થાન(જંકશન) સાથે



www.wingofeducation.com